# સ્ટેચ્યુ ઓફ યુનિટી પાસે વીવીઆઈપી મહેમાનો માટે દરબારી ટેન્ટ ઉભા કરાયા

નર્મદા, બુધવાર

ઓકટોબર ૨૦૧૮ના રોજ નર્મદા જિલ્લાના કેવડિયા ખાતે વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા ૧૮૨ મીટરની સરદાર પટેલની સ્ટેચ્યુ ઓફ યુનિટીનું લોકાર્પણ કર્યું હતું. એ બાદ દેશ-વિદેશથી પ્રવાસીઓ સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાતે સતત આવે છે. અત્યાર સુધીમાં સરદાર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રીય એકતા ટ્રસ્ટને કરોડો રૂપિયાની આવક પણ થઈ છે. હવે આગામી ઓકટોબર ૨૦૧૯ના રોજ સ્ટેચ્યુ ઓફ યુનિટીની પ્રથમ વર્ષગાંઠ આવી રહી છે અને ઓકટોમ્બરના સંભવિત કાર્યક્રમોમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ આવનારા છે તેવી શક્યતાઓને લઈને હાલ જૂની ટેન્ટ સિટી તોડી નવી ટેન્ટ સિટી બનાવવામાં આવી રહી છે.

ગત વર્ષે ઓપનિંગ બાદ સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે ટેન્ટ સિટી પણ બનાવવામાં આવી હતી, જેથી અહીં આવનારા મુસાફરો રાત મુકામ કરી શકે. પરંતુ જૂની ટેન્ટ સિટીને તોડીને નવી બનાવાઈ રહી છે. હાલ નવી ટેન્ટ સિટી ખાતે કુલ ૫૮ ટેન્ટ બની રહ્યાં છે. જેમાં ૪૨ પ્રીમિયમ, ૧૩ સુપર ડિલક્સ, ૨ દરબારી અને ૧ મિની દરબારી ટેન્ટ બની રહ્યા છે.

આ તમામમાં વિશેષ ૨ દરબારી ટેન્ટ છે, જે ખાસ કરીને પીએમ મોદી અને અન્ય ફર્ઁઓ માટે તૈયાર કરાઈ રહ્યાં છે. દરબારી ટેન્ટ બુલેટ પ્રુફ બની રહ્યાં છે. આ ટેન્ટની ખાસિયત એ છે કે એમાં કોઈ પણ જાતના હથિયારોની અસર નહિ થાય. તેમાં એક ડાઈનિંગ હોલ, એક લિવિંગ એરિયા હશે. આ બંન્ને ટેન્ટ બનાવવાની સાધન સામગ્રી ખાસ જોધપુરથી મંગાવી છે. દરબારી ટેન્ટ માટે બૂલેટ પ્રૂફની કેટલીક વસ્તુઓ મલેશિયાથી પણ મંગાવાઈ છે.

નવા ટેન્ટ સિટીને બનાવવા વિશએ ટેન્ટ સિટીના પ્રોજેક્ટ મેનેજર હરિઓમ શર્મા કહે છે કે, પહેલા જે ટેન્ટ હતા એ કામચલાઉ હતા. જ્યારે હાલમાં જે ટેન્ટ બની રહ્યા છે એ દરેક પ્રકારના વાતાવરણનો અભ્યાસ કર્યા પછી બનાવાઈ રહ્યા છે. લગભગ સપ્ટેમ્બરના અંત સુધીમાં ટેન્ટ સિટીનું કામ પૂરું થઈ જશે અને પ્રવાસીઓ એનો આનંદ માણી શકશે.

# શહેરમાં દિવાલ પડતાં અને વીજ કરંટ લાગતા મૃત્યુ

અમદાવાદ, બુધવાર

અમદાવાદ શહેરમાં ગુજરાત યુનિવર્સિટી વિસ્તારમાં દિવાલ તુટી પડતા એક વ્યક્તિનું મોત નિપજ્યું હતું જ્યારે ચાંદખેડા વિસ્તારમાં વીજ કરંટ લાગતા એક વ્યક્તિઓનું મોત નિપજયુ હતું પોલીસે આ અંગે અકસ્માતે મોતનો ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી અનુસાર અજીત પાર્ક કેનાલની બાજુમાં વટવા ગામે રહેતા વિજય મંસુરી નવરંગપુરા ખાતે આવેલ જીની એલ ડી આર્ટસ કોલેજમાં સળીયા કાપવાનું કામ કરતા હતાં તે દરમિયાન તેમના ઉપર દિવાલ પડી હતી અને તેમને માથામાં ઈજા થઈ હતી આથી તેમને સીવીલ હોસ્પિટલ ખેસડવામાં આવ્યા હતાં જયાં ડોકટરોએ તેમને મૃત જાહેર કર્યા હતાં.

જયારે પારવ પેસીડેન્સી ચાંદખેડા ખાતે રહેતા પુરખારામ જાટ જોયલ પરમેશ્વરની સાઈડના બ્લોક ઈના પાંચમા માળે ફર્નીચરનું કામ કરતી વખતે ઈલેકટ્રીક વાયર પકડતા વીજ કરંટ લાગતા તેમને સારવાર માટે સોલા સિવિલ લઈ જવામાં આવ્યા હતાં. જયાં ડોકટરોએ તેમને મૃત જાહેર કર્યા હતાં.

# અમદાવાદ સહિત ગુજરાતભરમાં મુસ્લિમ સમુદાયે મોહરમની શાનદાર ઉજવણી કરી



અમદાવાદ, બુધવાર

મુસ્લિમ સમુદાયના મોટા તહેવારોમાંથી એક ગણાતો એવા મહોરમની અમદાવાદ સહિત ગુજરાતમાં ઉજવણી કરવામાં આવી હતી. મોહરમ એક ઈસ્લામી મહિના અને આજના દિવસથી નવા વર્ષની શરૂઆત થતી હોય છે. મોહરમ ઈસ્લામ ધર્મના નવા વર્ષની શરૂઆત છે પરંતુ સાથે સાથે તેના ૧૦માં દિવસે હજરત ઈમામ હુસૈનની યાદમાં મુસ્લિમો માતમ મનાવે છે. કેટલાક સ્થળો પર ૧૦માં મોહરમ પર રોજા રાખવાની પણ પરંપરા છે. માન્યતા મુજબ ૧૦માં મોહરમના દિવસે જ ઈસ્લામની રક્ષા માટે હજરત ઈમામ હુસૈને પોતાના પ્રાણનો ત્યાગ કર્યો હતો. મોહરમના મહિનામાં મુસ્લિમ સમુદાયના લોકો પોતાની ખુશીઓનો ત્યાગ કરીને શોક મનાવે છે. મુસ્લિમ સમુદાયે અમદાવાદ સહિત ગુજરાતભરમીં તાજીયાની ઝુલુસ કાઢયા હતાં.આ ઝુલુસ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતાં.અમદાવાદ શહેરમાં મોહર્રમની શાંતિપૂર્ણ રીતે ઉજવણી થઇ હતી અને મુસ્લિમ સમુદાયના લોકોએ ઝુલુસ કાઢયા હતાં અને શહેરના વિવિધ માર્ગો ઉપરથી નિકળ્યા હતાં અને છેલ્લે ખાનપુર દરવાજા પાસે તાજીયને ઠંડા કરવામાં આવ્યા હતાં અમદાવાદ શહેરમાં વરસાદ હોવા છતાં તાજીયાના ઝુલુસ નિકળ્યા હતાં. મોહર્રમ પ્રસંગ અને હાલમાં ચાલી રહેલ ગણેશ ઉત્સવને ધ્યાનમાં રાખીને શહેરમાં કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે માટે કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દીધી હતી.અતિ સંવેદનશીલ ગણાવતા એવા શાહપુર કાલુપુર દરિયાપુર સહિતના વિસ્તારોમાં વધારે સુરક્ષા ગોઠવવામાં આવી હતી.જો કે તાજીયા ઝુલુસ દરમિયાન કોમી એકતાના દ્રશ્યો ઉભા થયા હતાં. હિન્દુઓએ પણ તાજીયાને નિહાળ્યા હતાં




ઈન્ડીયન રેડ ક્રોસ સોસાયટી અમદાવાદ જીલ્લા શાખા દ્વારા રક્તદાન શિબિર આયોજકોનો ભવ્ય સન્માન સમારોહ એ.એમ.એ ખાતે યોજાયો હતો. આ પ્રસંગે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત કલેકટર ડો. વિક્રાંત પાંડેની ઉપસ્થિતિમાં સન્માન કરાયું હતું. સંસ્થાના ચેરમેન કિરણ ચુડગરે આયોજકોને શુભેચ્છા પાઠવી હતી.

# સાબરકાંઠા જિલ્લામાં ઘરફોડ ચોરી કરતી ગેંગના ચાર સભ્યોને લોકલ ક્રાઈમ બ્રાન્ચ ઝડપ્યા

હિંમતગર, બુધવાર

સાબરકાંઠા જિલ્લામાં બનતા મિલ્કત વિરૂધ્ધના ગુનાઓ બનતા અટકાવવા તેમજ અગાઉ બનેલ ગુન્હાઓ શોધી કાઢવા પોલીસ અધિક્ષકના માર્ગદર્શન મુજબ એલ.સી.બી. શાખાની અલગ અલગ ટીમો બનાવી નજીકના સમયમાં બનેલ મિલ્કત સબંધી ગુન્હાઓની માહીતીઓ એકત્રીત કરી અસરકારક કામગીરી કરવા આદેશ કરેલ જે અનુસંધાને પ્રાંતિજમાં આવેલ ઈશ્વર કૃપા કોમ્પ્લેક્ષમાં આવેલ શ્રી.ચામુંડા નામની મોબાઈલની દુકાનમાં અલગ અલગ કંમ્પનીના મોબાઈલ ચોરી થયેલ તથા ઈડર મુકામેથી બે દિવસ પહેલા રાત્રીના સમયે એક સોનીની દુકાન ચોરી થયેલ જે અંગે પો.સ.ઈ સહિતના સ્ટાફના માણસોએ આ બનાવ અંગે અલગ અલગ દિશામાં ખાનગી બાતમીદારોથી તેમજ ટેકનીકલ સર્વેલન્સથી માહીતી એકત્રીત કરી ગુન્હો શોધી કાઢવા સઘન પ્રયત્નો ચાલુ હતા તે દરમ્યાન આજરોજ હિંમતનગર શહેરમાં ઉપરોકત માણસો પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન ટેકનીકલ સર્વેલન્સ આધારે તથા ખાનગી બાતમીદારથી સચોટ માહીતી મળેલ કે, ઉપરોક્ત દુકાનોમાં ચોરીએ ગયેલ મોબાઈલો સાથે ચાર ઈસમો હિંમતનગર એસ.ટી. બસ સ્ટેશન પાસે એક ઓટો રીક્ષા રજીસ્ટ્રેશન નંબર લઈને આવેલ છે અને એસ.ટી. ડેપો સામે રોડ ઉપર ઉભા રહી મોબાઈલ ફોન વેચવાની ફીરાકમાં છે તેવી હકીકત આધારે હિંમતનગર બસ સ્ટેશન સામે રોડ ઉપર તપાસ કરતા બાતમી હકકીત મુજબના ચાર ઈસમો ઓટો રીક્ષા સાથે ઉભા હોઈ અને એક ઈસમના હાથમાં સફેદ કલરનો થેલો હોઈ અને બાતમી હકીકત વાળા જ ઈસમો હોઈ કોર્ડન કરી ચારેય ઈસમોને પકડી લીધેલ જે બાબતે ચારેય ઈસમોને પુછતા કોઇ સંતોષકારક પ્રથમ જવાબ આપતા ન હોઇ ચારેય ઈસમો પૈકી જેના હાથમાં પ્લાસ્ટીકનો થેલો પકડેલ

પકડાયેલા આરોપીઓમાં (૧) મહંમદખતીફ ઉર્ફે સદ્દામ ગુલામમહંમદ શેખ તથા બીજા ઈસમોનુ નામઠામ પુછતા (૨) મુસ્તકીમ ઉર્ફે મુસા ગુલાબમહંમદ ઉર્ફે ગુલ્લુભાઇ શેખ તથા (૩) સાલરહુસેન ઉર્ફે શાહરુખ યુસુફભાઇ ઉર્ફે બાપુ ઉર્ફે પહેલવાન સીદીકી તથા (૪) જુનેદખાન ફિરોજખાન પઠાણ હોવાનું જણાવતા સદરી ઈસમોની અંગ ઝડતી કરતા તેઓની પાસેથી મોબાઈલો, ચાંદી જેવી ધાતુના દાગીના, એક કાળા કલરનો ટેલીફોન કંપનીનો જાડો કેબલ વાયર તથા હથોડી, વાંદરી પાના તથા પાઈપો મળી આવેલ જે બાબતે ચારેય ઈસમોને વારાફરતી યુકિત પ્રયુકિતથી પુછપરછ કરતા ૧૪ જેટલા ગુન્હાઓની કબુલાત કરેલ છે. પોલીસે આ અંગે વધુ તપાસ હાથ ધરી છે.


સાયન્સ સિટી વિસ્તારમાં હેન્ડલૂમ અને હેન્ડિક્રાફ્ટનો શો-રૂમ

GUJARAT EMPORIUM

SPONS. BY: GOVERNMENT OF GUJARAT

હેન્ડલૂમ

★ પટોળા ★ ચંદેરી ★ બાંધણી
★ મહેશ્વરી સિલ્ક સાડી ★ કોટન
સિલ્કની સાડી ★ ડ્રેસ મટીરીયલ્સ
★ દુપટ્ટા ★ કુર્તી

હેન્ડિક્રાફ્ટ

★ કાસ્ટની મૂર્તિઓ ★ લેડીઝ પર્સ
★ કચ્છી સાલ ★ ચાદર ★ઓશીકાના કવર
★ લગ્નશરાની ગિફ્ટ ★ કોર્પોરેટ ગિફ્ટ
★ ડિઝાઈનર વોલ પીસ



ગ્રાઉન્ડ ફ્લોર, ૫, પરિશ્રમ એલીગન્ટ, સોલા બ્રિજની પાસે,
સોલા સાયન્સ સિટી રોડ, અમદાવાદ-૩૮૦૦૪૬


Printer, Publisher and Editor : DAVE AJAY JAGDISHKUMAR and Printed at Suryakal Offset, 11/B, Hemkoot Building, Near Nehru Bridge, Ashram Road, AHMEDABAD – 380 009 and Place of Publication : 910, Hemkoot Building, Near Nehru Bridge, Ashram Road, AHMEDABAD – 380 009. Editor - DAVE AJAY JAGDISHKUMAR